R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

JANUARY - 2018

Vol No. 61 Issue No.10

Total - 30 Pages

# Wel Come 2018
# Happy New Year

**નવા વર્ષને જીતવા જાગૃત કરો આત્મવિશ્વાસ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

સંચાલિત

## શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીયા (રંગૂનવાલા)

પુરસ્કૃત ઉપનગર વિભાગ

દ્વિતિય પ્રોગ્રામ

# નવું નાટક

**સ્થળ** : શ્રી પ્રબોધન ઠાકરે નાટ્ય મંદિર, ચામુંડા સર્કલની પાસે, બોરીવલી (વેસ્ટ)

**તારીખ** : ૦૪-૦૩-૨૦૧૮, રવિવાર, સમય : સવારના ૯.૩૦ કલાકે

**ટિકીટ દર** : નીચેના રૂા. ૬૦/-, બાલ્કની રૂા. ૪૦/-

**ટિકીટનું વિતરણ** : તા. ૧૮-૨-૨૦૧૮, રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે.**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૪

૨) **વાંદરા થી ગોરેગામ : શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી :** બી/૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લે (વેસ્ટ), **મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬**

૩) **મલાડ થી કાંદિવલી : કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી)**, એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ), **શ્રી વસંત દેસાઈ - ૯૮૨૧૦૫૪૩૨૯**

૪) **બોરીવલી થી વિરાર : શ્રી ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ :** ૩૦૨-શ્રી વર્ધમાન એપાર્ટમેન્ટ, સોડાવાલા લેન, બોરીવલી (વેસ્ટ), **મોબાઈલ– ૯૮૧૯૧૮૩૩૭૯**

**ટિકીટનું વિતરણ વહેલા તે પહેલા ધોરણે થશે**

વિતરણના દિવસે ટિકિટો વધશે તો નીચે જણાવેલ સ્થળેથી મેળવી લેવી

**મયુર ટ્રેડિંગ કોર્પોરેશન :** ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ-૩

**સંપર્ક : જીગર કડકીઆ - ૯૮૨૦૦૩૧૫૩૫**

**જમવા માટે સૂચના**

**વહેલા તે પહેલા ધોરણે ૨૫૦ વ્યક્તિઓને લેવામાં આવશે.**

**જમવાના પાસ ટિકીટ વિતરણને દિવસે આપવામાં આવશે. રૂા. ૨૫૦/- વ્યક્તિ દીઠ રાખેલ છે.**

**જમવાનું સ્થળ :** શ્રી પ્રબોધન ઠાકરે નાટ્ય મંદિર, ૩જે માળે, ચામુંડા સર્કલની પાસે, બોરવલી (વેસ્ટ)

**મંત્રી** — **ભાવેશ મોદી - ૯૮૬૯૦૮૦૨૮૭**

**સંયોજક** — **ઉર્મિલ કડકીઆ - ૯૮૧૯૧૮૩૩૭૯**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૧ | ૧૦ | ૨૧-૦૧-૨૦૧૮ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org


## તંત્રી સ્થાનેથી

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

૨૦૧૭નું વર્ષ જતા જતા કારમો આઘાત આપી ને ગયું છે. બાલાસિનોર સમાજના અસ્તાયવે ઝગમગતા ત્રણ દિવા કાળના ખપ્પરમાં બુઝાઈ ગયા છે.

મનીષા નિમીશ શાહ, પારૂલ રાકેશ લાકડાવાલા અને શેફાલી પ્રણવ દોશી હવે આપણી વચ્ચે નથી. ૨૮ ડીસેમ્બરની એ ગોઝારી રાતે ત્રણ કુટુંબને છિન્નભિન્ન કરી નાખ્યા છે. સમગ્ર સમાજમાં હાહાકાર મચાવી દીધો છે.

ત્રણે કુટુંબમાં રહેલા આનંદ, ઉમંગ, મોજ-મસ્તી સાવ અચાનક આક્રંદ, ચિચિયારી, યાતના અને અંતે નિઃસહાય નિરવ શાંતિમાં બદલાઈ ગયા. પોતાનું પ્રાણપ્યારુ સ્વજન હવે પોતાની સાથે નથી તેનો ભારોભાર અફસોસ વર્તાય છે.

૨૦૧૭ના અંતિમ દિવસોએ બાલાસિનોરની ત્રણ ભાવનાત્મક, કુટુંબીજનો-બાળકોના સ્વપ્નોને સાકાર કરનાર ત્રણ યુવાન વહુઓ (હવે તો સૌ દિકરી જ ગણે છે) હંમેશ માટે છીનવી લીધી છે. પ્રભુ ત્રણે સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના. દુઃખની આ પળોમાં સમગ્ર સમાજ તમારી પડખે ઉભો છે. ઈશ્વરને ગમ્યું તે ખરું તે ન્યાય સ્વીકારવો જ રહ્યો. ત્રણે કુટુંબ પર આવી પડેલી આપત્તિમાં દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુને અભ્યર્થના.

કમલા મિલ દુર્ઘટનાના પડઘા આખા દેશમાં પડયા છે. સફાળા જાગેલા સરકારી તંત્રએ સપાટાભેર અનેક હોટલો, પબના ગેરકાયદે બંધાકામો તોડી પાડયા છે. ભવિષ્યમાં અનેકના જાન જોખમમાં ન મૂકાય તેવા આ કાર્યને લોકો ઘટેલી દુર્ઘટનાથી હંમેશા યાદ રાખશે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા 'જ્યોતિપુંજ'

## 'સ્વજન' અંનતની યાત્રાએ

## શ્રદ્ધા - સુમન
## મનીષા નિમીશ શાહ (ઉજડાવાળા)



શ્રી બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ પ્રકાશિત થતું માસિક મુખપત્ર 'જ્યોતિપુંજ' અને આ 'જ્યોતિપુંજ'માં તંત્રીમંડળની માનદ્ સભ્ય એટલે મનીશા નિમીશ શાહ (ઉજડાવાળા)

ક્યાંથી શરૂઆત કરીએ ?

મનીષા (નિરંજનભાઈ શાહ (ચટઈ) ના દિકરી, તંત્રીમંડળની એક હોંશિયાર, નિખાલસ, મહેનતુ, ચાલાક અને જવાબદાર સભ્ય હતી. દર મહિને અમે સૌ 'જ્યોતિપુંજ' તૈયાર કરવા સાથે બેસતાં. સમયે સમયે સમાજને ઉપયોગી બાબતો જે અમે 'જ્યોતિપુંજ'ના માધ્યમ દ્વારા ઘરે ઘરે પહોંચાડતા તેમાં તેનો પણ અનન્ય ફાળો રહેતો. તેની વિચારશક્તિ અને કલ્પનાશક્તિ ગજબના હતા.

મનીષા એક અવલ્લ દરજ્જાની, અણિશુધ્ધ કલાકાર હતી. **'મારે સંગીતને જાણવું છે'** લેખમાળા દ્વારા તે સમાજના લોકોના હૃદય સુધી પહોંચી ગઈ હતી. શાસ્ત્રીય સંગીત શિખવાની તેની હોંશ કાબિલેદાદ હતી.

ડીસેમ્બર'૨૦૧૭ના 'જ્યોતિપુંજ'ની તૈયારી દરમ્યાન હળવીપળોમાં મનીષા એ વાત છેડી, સંગીત વિશે. તેને પોતાના ગુરુજીના પ્રોગ્રામમાં લાઈવ ગાવાનો મોકો મળ્યો. તે ગીત અમને વિડિયો ક્લીપમાં સંભળાવ્યું. તરત જ તેને એક પ્રોફેશનલ પ્રોગ્રામ કરવાનો મોકો મળ્યો હતો. મનીષા એ હવે ભવિષ્ય માટે ખૂબ સુંદર યોજના ઘડી હતી તેનો અમને ખ્યાલ આપ્યો.

...... તેણે કહ્યું શાસ્ત્રીય સંગીતની મારી તાલીમ ચાલુ છે હવે હું કલાસીકલ સોંગ્સ, ભક્તિગીતો, ભજનો, ૩૦૦થી પણ વધારે સુગમ સંગીતના ગીતો મારા અભ્યાસને લીધે ગાઈ શકું છું. હવે મારે એક આખી ટીમ ઉભી કરવી છે. લાઈવ પ્રોગ્રામ આપવા છે.

કાશ ! આ બધું શક્ય બન્યું હોત. ખરેખર આજે અમારા તંત્રીમંડળનો એક મજબૂત સ્તંભ તૂટી પડયો છે. મનીષાની ખોટ અમને હંમેશ રહેશે.

કેટલી નિષ્ઠાપૂર્વક મનીષા તેની દિકરી ત્વેશાને પ્રોત્સાહિત કરતી. ડીસેમ્બર'૨૦૧૭માં 'જ્યોતિપુંજ'નું પહેલું કવર પેજ ત્વેશાએ તૈયાર કર્યું હતું (સાન્તાક્લોઝ વાળું ચિત્ર), આગળ પણ 'જ્યોતિપુંજ' માટે ત્વેશા એ ઘણા ચિત્રો બનાવી આપ્યા હતા. સમગ્ર કુટુંબમાં આજે ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. હંમેશા મનીષાના પતિ નિમીશ તથા તેમા સમગ્ર પરિવારનો અમને બહોળો સહકાર મળતો રહ્યો છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના તમામ હોદ્દેદારો, સભ્યો, માનદ્ સભ્યો, ટ્રસ્ટી ગણ તેમજ 'જ્યોતિપુંજ'ના તંત્રી, તંત્રીમંડળ તરફથી પ્રભુ ને પ્રાર્થના કરીએ છીએ, તેના આત્માની શાંતિ અર્થે યાચના કરીએ છીએ. પ્રભુ તમારા કુટુંબનો પથદર્શક બની પ્રગતિ કરાવે તેવી અમારી હાર્દિક શુભેચ્છા.

**મંત્રી - ભાવેશ મોદી**

**તંત્રી - બંકિમ પરીખ (જુનાગઢવાળા)**

# બાળકના જનક બની ગયા છે શોષક

**લી. શૈલેષ દેસાઈ**

તારે તો તાફાન જ કરવા છે ને આવવા દે તારા પપ્પાને તને મેથીપાક ન ખવડાવું તો જો જે અને ખરેખર પ્રમેયના બરડા પર પિતાના સોળ ઊઠી આવ્યા હતા.

ભણવુ ન હોય તો અમારા ઘરમાં રહેવા નહી મળે, ખાવુ પીવુ ને રખડવું છે પણ ભણવું કે ગણવું નથી કહીને બાળકને ઘરની બહાર મોકલી બારણુ બંધ કરી દીધું.

દર ત્રીજા ઘરમાં બાળક અને વાલી વચ્ચેના સંવાદો આવા જ હોય છે અને છેવટે મા કે બાપના હાથનો માર ખાવો પડે છે.

હમણાં તાજેતરમાં શાળાના ટીચરે હાથ ઉપર બહુ સોટી મારી પછી મા બાપે પોલીસમાં ફરીયાદ નોંધાવી ને પછી ટીચરને સ્કુલમાંથી બરતરફ કરવામાં આવ્યા.

વાલી દ્વારા થતા બાળકના શોષણ માટે વિભક્ત કુટુંબ પણ જવાબદાર છે. આજે નોકરીયાત વાલી પારણાં ઘર કે ડે-કેરના સેન્ટરમાં મૂકતા હોય છે. જેમાં વાલીનો પ્રેમ કે હુંફની જે જરૂર હોય છે ત્યારે આર્થિકક જવાબદાર પાછળ બાળ ઉછેર ભૂલી જાય છે. તેના ઉપરથી સમાજનું પ્રકટીકરણ થાય છે. વાલીઓ પોતાના બાળક પર જુલમ કરતા હોય છે, પોતાનું બાળક અને આજના સ્પર્ધાત્મક જીવનમાં બાળકનો ઉછેર ઈત્તર પ્રવૃત્તિમાં સદાય અવલ્લ રહેવાનું આવો હઠાગ્રહથી સ્વભાવમાં ચીડીયાપણું આવે છે જેને પરિણામે બાળકને ખખડાવતા બન્ને વચ્ચે દૂરીપણુ વધતુ જાય છે. મોંઘવારી, ગરીબી, અપેક્ષાઓ અને અસંતોષનો સરવાળો છેવટે બાળકના શોષણ પર પરિણમે છે. માતા પિતાને બાળક વચ્ચે કોઈક કાઉન્સીલીંગ કરનાર હોય તો તે સ્થિતિને વિષમ બનતા અટકાવે છે. જે પ્રેકટીકલ હોતુ નથી. 'તારે જમીન પર' આમીર ખાનના પીકચરમાં વાંચવાની તકલીફ મા બાપને બહુ મોડે સમજ પડી તે દરમ્યાન બાળકનું શોષણ થાય છે.

બાળકને જન્મ આપનાર મા બાપ રાક્ષસ હોતા નથી. તેઓ પોતાનું સર્વસ્વ આપીને મોટા કરવાની ભાવના રાખતા હોય છે. છતાં એક તબક્કો એવો આવે છે જ્યારે બન્ને એકબીજાના દુશ્મન બની જાય છે.

બેંગલોરમાં જે બનાવ વાંચ્યો તે લખતા બોલપેન ઉપડતી નથી. બેંગલોમાં દીકરીને ચોથે માળેથી ગુસ્સામાં ફેંકી દીધી. તેની વય ૬ વર્ષની હતી. જેમાં સીંગલ પેરેન્ટ રહેતા હતા. જે બેરોજગાર હતા. લગ્ન જીવન પણ સુખી ન હતુ. મજબુરી સમયે સક્ષમ દીકરી

સામે નિર્વાહ કરવું મુશ્કેલ હતું. પ્રેમ લગ્નને કારણે માતા પિતા બોલાવતા ન હતા. આ સમયે કોઈ પિયરમાંથી સાથ મળ્યો હોત તો આ ઘટના ન ઘટત.

આજ કાલ બાળકો ૯૦ ટકા મા બાપાના મારનો ભોગ બને છે. બાળકને કદાપી મારવા નહી. કુમળા બાળકને જેમ પોષવા પ્રેમ હૂંફ જોઈએ. તેનામાં રહેલી કુશળતાઓ ખીલશે તેને મુક્ત અને આનંદિત વાતાવરણમાં ઉછેરવામાં આવે તો તેનું ભાવિ સમૃધ્ધ થઈ જશે. વાલીએ સંતાનના ઉછેરમાં એક શીલ્પીની ભૂમિકા ભજવવાની છે. બાળકને જન્મ આપવાથી માતા પિતા થઈ જવાતુ નથી પણ માળી જેમ છોડને ઉછેરે છે તેમ બાળકને પાણી, ખાદ્ય, માટી, હવા ને પ્રકાશ આપવાનો છે.

બાળકોનો વારંવાર ઠપકો આપતા કે મારતાં તેનું બાળપણ પીંખાઈ જાય છે. ઘણીવાર કેફી દ્રવ્યો, સીગારેટ કે તમાકુના બંધાણી થઈ જાય છે. ઈમોશનલ શોષણ બાળકના ઉછેર પર ઊંડી ખરાબ અસર પડે છે. બાળકને અપશબ્દો કે અપમાનિત કદાપી ન કરવા કે બીજાની હાજરીમાં તેને ઉતારી ના પાડવે. એ કરવાથી તેનામાં અસુરક્ષા કે ડર પેષી જાય છે. કેટલાક વાલીઓ શીસ્તને સજા વચ્ચે ફેર સમજતા નથી.

બાળ ઉછેર એક પડકાર છે. છોડને સંતુલિત પ્રમાણમાં વાતાવરણ ઉભુ કરીશું તો તે આપોઆપ મોટો થાય છે. જેમાં કુદરતનો પણ સાથ હોય છે. દસ વર્ષ સુધી બાળકની બધી જવાબદારી ફક્ત મા-બાપ, મિત્રો ને શાળાની જ છે. આપણે કહીયે છીએ કે 'સોળે શાન અને વિસે વાન આવે છે' પણ યાદ કહે કે Till 10 years parents is responsible વિતેલું બાળપણ કદી પાછુ આવતું નથી. ✤✤✤✤

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા શ્રી દક્ષેશભાઈ તથા શ્રી મનીષભાઈ કડકીઆ (કડકીઆ ઈન્ટરપ્રાઈઝીસ) આંતરીક રમત ગમત ઉપનગર ખાતે

કેરમ તથા ચેસની રસતો તા. ૧૧.૩.૨૦૧૮ના રોજ રવિવારે સવારે ૮.૩૦ કલાકે કાંદિવલી ખાતે યોજવામાં આવશે.

ઈચ્છુક વ્યક્તિઓએ તેમના નામ સંયોજક શ્રી સન્ની ગાંધી તથા કોઈપણ સભ્યને નોંધાવવાનું રહેશે.

પ્રત્યેક વ્યક્તિ દીઠ ૫૦/- રૂપિયા એન્ટ્રી ફી રહેશે.

સ્થળ : શ્રી અપૂર્વ/ શ્રી શ્રેયાંસ હીરાલાલ પરીખ, બાલાસિનોર કો.ઓપ.હાઉસીંગ સોસાયટી, બંગલો નંબર ૨૭, એસ.વી.રોડ, બંબા ખાનાની સામે, કાંદિવલી (વેસ્ટ)

**મંત્રી - શ્રી ભાવેશ મોદી** **સંયોજક - શ્રી સની ગાંધી - ૦૯૯૩૦૮૪૭૬૩૦**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

૧. **ઈકો કેમ્પ :** તા. ૦૩.૧૨.૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૨ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

૨. **છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૫-૧૨-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૨ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૩. **શ્રીમતી કલાવતીબેન અને કાંતિલાલ સાંકરલાલ મહેતા સ્ત્રી રોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ :** તા. ૦૭-૧૨-૨૦૧૭ તથા ૦૮-૧૨-૨૦૧૭ના રોજ નિદાન કેમ્પ યોજવામાં આવેલ. કુલ ૧૧૩ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા ૧૭ દર્દીઓને ઓપરેશન માટે તારીખ આપવામાં આવેલ છે. તમામ દર્દીઓના ઓપરેશન, પેથોલોજી, દવાઓ, ઈન્ડોર ફી કરવામાં આવશે.

૪. **શ્વાસના રોગોનો પી.એફ.ટી. ટેસ્ટ :** તા. ૧૮-૧૨-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. ૧૫ દર્દીઓનો વિનામુલ્યે પી.એફ.ટી. ટેસ્ટ કરવામાં આવેલ.

૫. **શ્રીમતી કોકીલાબેન જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પ :** ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, બાલાસિનોર શાખા પ્રેરિત શ્રી જયંતિલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા) ગ્રીન ફાઉન્ડેશન, સીન્દ્રાબાદ બ્લડ સ્ટોરેજ સેન્ટરના લાભાર્થે બ્લડ ડોનેશન કેમ્પ તા. ૦૬-૧૨-૨૦૧૭ના રોજ એચ.ડી.એફ.સી. બેંક, બાલાસિનોરના સૌજન્યથી યોજવામાં આવેલ. જેમાં કુલ ૨૩ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. તેમજ તા. ૨૩.૧૨.૨૦૧૭ના રોજ શ્રી સાંઈ સેવા ધામ ટ્રસ્ટ, બાલાસિનોરના સૌજન્યથી યોજવામાં આવેલ. જેમાં કુલ ૪૧ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ.

## કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર :

ઉપરોક્ત સુપર સ્પેશ્યાલીટી સેન્ટરનું કાર્ય હવે પૂર્ણતાના આરે છે. આ ભગીરથ કાર્યની પૂર્ણાહુતિ પ્રસંગે બાલાસિનોર મુકામે વાસ્તુપૂજન તથા ઉદ્‌ઘાટન સમારંભ તેમજ દાતાશ્રીઓના સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી વિગત નીચે મુજબ છે.

**વાસ્તુ પૂજન : પ્રમુખ શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ (કુવાવાળા) તથા તેમના ધર્મપત્નિ શ્રીમતી કોકીલાબેન** વાસ્તુપૂજનની વિધિ સંપન્ન કરશે.

**તારીખ :** ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૮ને ગુરૂવાર સમય : સવારે ૧૧ કલાકે

**ઉદ્‌ઘાટન સમારંભ :** તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૮ને શુક્રવાર સમય : ૯.૩૦ કલાકે

**સ્થળ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ), બાલાસિનોર

તો સર્વે દાતાશ્રીઓ, ટ્રસ્ટીઓ, આજીવન સભ્યશ્રીઓ તેમજ મુંબઈવાસીઓ તથા બાલાસિનોરના નગરજનોએ સમારંભની શોભામાં અભિવૃદ્ધિ કરવા હાજર રહેવા વિનંતી.

અમોને જણાવતા આનંદ થાય છે કે, મુંબઈના જાણીતા ઉદ્યોગપતિ ડૉ. શ્રી મોહનભાઈ પટેલે આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવા માટે સંમતિ આપી છે. આ કાર્યક્રમને આત્મનિર્ભર બનાવવા માટે આ પ્રસંગે એક સોવિનિયર અંકનું પ્રકાશન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મર્યાદિત સંખ્યામાં જાહેરાત લેવાની છે. જેના દર નીચે મુજબ છે.

**ચોથુ કવર પેજ : રૂા. ૫૦,૦૦૦/-**

**ત્રીજું કવર પેજ : રૂા. ૨૫,૦૦૦/-**

જાહેરાત આપવા માટે નીચે મુજબના સભ્યોનો સંપર્ક સાધવા વિનંતી છે.

૧. **અનીશ સુરેન્દ્ર ગાંધી - ૯૮૨૧૧૨૫૫૮૦**

૨. **નિમિષ મનહરલાલ કડકીઆ - ૯૮૧૯૪૩૭૩૨૧**

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીઓ**

# મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ, વેરાસા, બાલાસિનોર

## દાન માટે અપીલ

મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ ૨૦ વર્ષથી ગરીબ બાળકોના શૈક્ષણિક વિકાસ માટે કાર્યરત છે. ગરીબ આદિવાસી વિસ્તાર વેરાસામાં ટ્રસ્ટના પ્રયત્નોથી શૈક્ષણિક વિકાસ થયો છે. વેરાસા પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ માં ૨૩૦ વિદ્યાર્થીઓ, ગરાશીયાના મુવાડા ધોરણ ૧ થી ૫ સુધીમાં ૩૮ વિદ્યાર્થીઓ અને ભોગીયા કિનારી ધોરણ ૧ થી ૫ માં ૫૮ વિદ્યાર્થીઓ મળી કુલ ૩૨૬ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય કરી રહ્યું છે. ટ્રસ્ટના પ્રયત્નોથી આ શાળાઓના કેટલાક વિદ્યાર્થી કોલેજ કક્ષા સુધીનો તેમજ આઈ.ટી.આઈ. અને ટેકનીકલ અભ્યાસ કરી શકયા છે. રોજગારી મેળવી શકયા છે.

અત્યાર સુધીમાં વેરાસા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને વધુ સુવિધા માટે મોનિકા ઈથેન કોમ્યુનિટી, વિશાલ ડાઈનીંગ હોલ, લાકડાવાળા કુસુમ બાલવાડી, શાળા ઓરડાઓ, સુધાબેન પી. શાહ બાલક્રીડાગણ તેમજ તિથી ભોજન, બાલા પૌષ્ટિક આહાર માટે દાતાઓ તરફથી ઉદાર હાથે દાન મળેલ છે.

શાળામાં પ્લાસ્ટીક ઝોન, ઈકો ગાર્ડન, વેજીટેબલ ગાર્ડનને પ્રોત્સાહન આપવામાં આવે છે. અમૃતધારા બેન્ક દ્વારા વિદ્યાર્થીઓને બચતની ટેવ પાડવામાં આવી છે.

ટ્રસ્ટ તરફથી આ ત્રણ શાળાોના બાળકોને દર વર્ષે બે જોડી યુનિફોર્મ, નોટબુક, સ્લેટ, ચોપડા, દેશીહિસાબ, કમ્પાસ જેવી શૈક્ષણિક સવલતો આપવામાં આવે છે. જેના વિદ્યાર્થી દીઠ રૂા. ૨૫૦૦/- ખર્ચ થાય છે. ધોરણ ૮ પછી આગળના, કૉલેજ, આઈ.ટી.આઈ., ટેકનીકલ શિક્ષણ માટે ફી સહાય તેમજ જરૂરીયાતમંદને ટ્યુશન ફીની સહાય આપવામાં આવે છે. તેનો વિદ્યાર્થી દીઠ રૂા. ૫,૦૦૦/- ખર્ચ થાય છે.

દાતાશ્રીઓને વિનંતી કે શાળાના વિદ્યાર્થીઓને યુનિફોર્મ, નોટબુક, ચોપડા, ફી વિગેરે માટે વિદ્યાર્થી દીઠ રૂા. ૫,૦૦૦/-ના ગુણાંકમાં દાન આવકાર્ય છે.

વેરાસા પ્રાથમિક શાળા પરિસરમાં આવેલ પારૂલ સંસાર મંદિર, મોનીકા ઈથેન કોમ્યુનીટી હોલ, વિશાલ ડાઈનીંગ હોલ, કુસુમ બાલવાડી અને શાળાના મકાનોને કલર (રંગકામ) કરવાની જરૂરીયાત છે. આ મકાનો માટે કોઈપણ એક મકાન દીઠ રૂા. ૫૧ હજાર મુજબ દાન આવકાર્ય છે. એકી સાથી એક દાતા રકન ના આપી શકે તો રૂા. ૧૦ હજારના એક યુનીટ મુજબ રૂા. ૧૦ હજાર પણ દાન આપી શકો છો. આવા રૂા. ૧૦ હજારના કુલ ૨૫ યુનીટની જરૂર છે તો આ માટે દાતાઓને દાન માટે નમ્ર અપીલ છે.

ટ્રસ્ટમાં આવેલ દાન આવકવેરાની કલમ ૮૦-જી હેઠળ કર કપાતને પાત્ર છે.

**દાતાશ્રીઓને વિનંતી કે, દાન આપવા માટે નીચેના ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા વિનંતી છે.**

**પ્રમુખ : શ્રીમતી અનુબેન જ્યોતીવદન શેઠ - ૯૮૨૧૨૩૪૩૧૩**
**ટ્રસ્ટી : શ્રીમતી તરૂલતાબેન પ્રફુલભાઈ શેઠ - ૯૮૨૧૦૩૭૩૦૦**
**ટ્રસ્ટી : શ્રી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ - ૯૮૨૦૦૮૦૧૯૪**

**ઉદ્‌ઘાટન**

**વેરાસા પ્રાથમિક શાળા પરિસરમાં રૂા. ૭ લાખના ખર્ચે તૈયાર થયેલ**
**શ્રીમતી તરૂલતાબેન પ્રફુલભાઈ શેઠ સાયન્સ હોલનું ઉદ્‌ઘાટન**
**૨૦ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ સવારે ૧૦ કલાકે રાખવામાં આવેલ છે. સર્વેને હાર્દિક આમંત્રણ છે.**

શ્રી ગોકુલેશો જયતિ   ૨૩મું વર્ષ

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ

# ફગવા ઉત્સવ

સર્વદા સેવ્ય ચતુર્થપીઠ શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી કાંદીવલીમાં વસતા બાલાસિનોર વાસીઓ તરફથી **શ્રી ફગવા ઉત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૭૪ ના મહા વદ અગ્યારસ ને **રવિવાર, તા. ૧૧-૦૨-૨૦૧૮** ના રોજ **કેવલબાગ, ફ્લાય ઓવરની નીચે,** કાંદીવલી (વે), મુંબઈ-૬૭. ના મુકામે યોજવામાં આવેલ છે. **પ.પૂ.ગો.સ્વામી શ્રી વલ્લભબાવાશ્રી પધારવાના છે** અને એમના સાનિધ્યમાં ફગવા મહોત્સવ ઉજવવામાં આવશે. શ્રી ઠાકોરજીના ખેલના દર્શન પછી **બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ, દર્શનનો લાભ લેવા અને પ્રસાદ (પ્રસાદની વ્યવસ્થા ખેલના દર્શન પછી) લેવા પધારવા અમારૂં ભાવભર્યું આમંત્રણ છે.**

## ઉત્સવના મનોરથી



**દીપકભાઈ સોમાલાલ પરીખ (ઘીવાળા)**
**માલતીબેન દીપકભાઈ પરીખ**
**હસ્તે નુપુર દીપક પરીખ અને કીંજલ દીપક પરીખ**



## ❖ શોભાયાત્રા ❖

મનોરથીના નિવાસસ્થાન ૩૦૩ મહાવીર દર્શન, મહાવીર નગર, ન્યુ લિંક રોડ, કદમવાડી, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૬૭. **મો : દીપક પરીખ - ૯૮૨૦૭ ૩૧૦૬૨ / નુપુર પરીખ - ૯૮૨૦૮ ૪૫૨૩૯ / કીંજલ પરીખ - ૯૮૩૩૫ ૭૫૮૭૬**, બપોરે ૧.૩૦ કલાકે સમાજ બેસશે. તેમજ શોભાયાત્રા તેમના નિવાસ સ્થાનેથી બપોરના ૩.૦૦ કલાકે નીકળશે.

**લી. નુપુર દીપક પરીખ, નીપા નુપુર પરીખ અને કીંજલ દીપક પરીખ,**
**રાખી કિંજલ પરિખ, નીપા સંદીપ કડકીયા, વિહાન,**
**હેતવી, ઉરવ, દર્શિલ, દીર્ઘ, દૃષ્ટી ના જૈ જૈ શ્રીગોકુલેશ**

## ❖ ખેલના દર્શન ❖

**સાંજે ૬.૦૦ કલાકે કેવલબાગ, ફ્લાય ઓવરની નીચે,** કાંદીવલી (વે), મુંબઈ-૬૭. **ખાતે શ્રી ઠાકોરજીના ખેલનાં દર્શન થશે. તેમજ શ્રી ઠાકોરજીના ધોળ-કીર્તન તેમજ રસીયા ગવાશે તો દરેક વૈષ્ણવોને ઉપરનાં દરેક પ્રસંગે ઉપસ્થીત રહીને અલભ્ય આનંદ (લાભ) લેવા વિનંતી છે. સર્વે વૈષ્ણવને સાંજે ૬.૦૦ કલાકે પ્રસાદ લેવા ભાવભીનુ આમંત્રણ છે.**

**લી. કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના**
**જૈ જૈ શ્રીગોકુલેશ**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

૪૫/૪૯, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨

**શ્રીમતી સુમનબેન સૂર્યકાંત શાહ તથા શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ (ચકવા) પુરસ્કૃત**

## શ્રી ફગવા ઉત્સવ

**વાડાસિનોર સમસ્ત દશાનિમા વૈષ્ણવો જોગ**

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ આયોજીત

**શ્રીમતી સુમનબેન સૂર્યકાંત શાહ શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ (ચકવા) પુરસ્કૃત**

**શ્રી ફગવા ઉત્સવ શનિવાર, તા. ૧૭.૦૨.૨૦૧૮**ના શુભ દિને મુંબઈમાં ધામધૂમથી ઉજવવામાં આવશે.

### : ઉત્સવના મનોરથી :

આ ઉત્સવના મનોરથી **શ્રી રમેશચંદ્ર કાંતિલાલ કડકિયા (ધરીવાળા)** તથા તેમના સુપુત્ર **શ્રી સચીન રમેશચંદ્ર કડકિયા (ધરીવાળા)** તથા તેઓના સમસ્ત પરિવાર છે.

### : કાર્યક્રમ :

**તા. ૧૭-૦૨-૨૦૧૮ના રોજ બપોરે ૩.૩૦ કલાકે** મનોરથીનાં નિવાસસ્થાને, ૨/૮, ભાવેશ્વર નિકેતન, ફેલોશિપ સ્કૂલ કંપાઉન્ડ, એ.કે. માર્ગ, ગોવાલિયા ટેંક, મુંબઈ-૪૦૦૦૩૬. સમાજની કિર્તનીયા મંડળી રસીયાની રમઝટ બોલાવશે.

**સાંજે ૬.૦૦ કલાકે** સ્ત્રી મંડળ, સિક્કાનગર, વી.પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪ થી કળશનો વરઘોડો નીકળી માધવબાગ, સી.પી.ટેન્ક જશે. ત્યાં મનોરથી તરફથી રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત થશે. મનોરથીનાં પરિવાર તથા શ્રી ફગવા ઉત્સવના કાયામી દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવશે.

### : ભાવભીનું આમંત્રણ :

તેજ દિવસે સાંજે ૭.૩૦ કલાકે શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજવતી, વાડાસિનોર વાસીઓ, મુંબઈમાં તેમજ પરામાં રહેતા સર્વે દશાનિમા વૈષ્ણવોને સહકુટુંબ સહ પરિવાર પ્રસાદ ગ્રહણ હેતુ માધવબાગમાં પધારવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

તો આ દરેક પ્રસંગે આપ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવશો.

**લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**
**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - પ્રમુખ**
**તથા સમસ્ત કારોબારી સમિતીના સભ્યો**
**તથા**

**શ્રી રમેશચંદ્ર કાંતિલાલ કડકીયા (ધરીવાળા) તથા**
**તેમના સુપુત્ર શ્રી સચિન રમેશચંદ્ર કડકીયા (ધરીવાળા) તથા**
**તેઓના સમસ્ત પરિવારના જય જય શ્રી ગોકુલેશ**


શ્રી નીતીન રસીકલાલ ગાંધી (લોઢાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

## જીવન એક વન કે ઉપવન ?
### પ્રતિક્રમા

-કીરીટ ધારીઆ

કુદરત તરફથી મળેલા જીવન કદાચ વનસમાન હોય તો તેને ઉપવન બનાવવાનું આપણા હાથમાં છે.

સિક્કારીની બે બાજુ છે. એ પ્રમાણે જીવનને સમજવાની જરૂર છે. ક્યારેય વનમાં પણ ફૂલો ખીલવાથી તે ઉપવન બની જાય છે. જંગલમાં મંગલ બની શકે થે, પણ મંગલમાં જંગલ થાય છે ત્યારે દુઃખ થાય છે.

મનુષ્ય ધારે તો વનને ઉપવન બનાવી શકે છે. માનવી સામે સુખ દુઃખના ડુંગર અને ઉપાધિઓની ખાણ આવે ત્યારે તેમાંથી મુક્ત થવું કે તેનો સામનો કરવો, એક પ્રથમ સાર્થકતા છે. સુખ અને દુઃખને હસતા મુખે સહન કરનારા વનને ઉપવન બનાવે છે.

જીવનને સાદુ, સરળ, સુંદર અને આધ્યાત્મિક બનાવવા આપણું મન, વિચાર, વાણી અને વર્તન બદલવાની જરૂર છે. શુધ્ધ આચરણથી માનવીના વ્યક્તિત્વનું ઘડતર થાય છે.

વિચારો સારા હશે તો તે વાણીમાં નિરૂપણ થઈ વર્તનમાં પરિણમે છે. માનવીનું વ્યક્તિત્વ ખીલી ઉઠે છે. જીવન ધીરે ધીરે દિવ્ય બને છે. આપણાં સંતો મંહતો અને ઉપદેશકો આપણા જીવનને સુંદર, સરળ, સારૂં અને ધાર્મિક જીવનની સાર્થકતા માટે જીવનનાં હિતેચ્છુ છે. તેઓ જગતને સદ્‌બોધ આપી, માર્ગદર્શન આપી, વનસમાન લાગતું જીવન સુંદર અને આકર્ષક બનાવી શકે છે.

**માણસ જન્મે છે ત્યારથી સંબંધોના સરોવર રચાય છે.**
**અનેક સંબંધો વચ્ચે મૈત્રી એક પરમ પવિત્ર છે.**
**માણસની જો કોઈ શ્રેષ્ઠ મૂડી હોય, તો તે પ્રેમાળ પત્ની.**
**તમે અહીં કયુ પાત્ર ભજવો છો એ મહત્વનું નથી,**
**પરંતુ ભાગે આવેલુ પાત્ર કરી રીતે ભજવો છો તે મહત્વનું છે.**

## સુખી થવાના સાત રસ્તા

૧. કામને સતત વળગી રહો.
૨. બહુ જ ઓછું બોલો.
૩. ક્યારેક ‘ના’ પાડતા શીખો.
૪. ભૂલનો સ્વીકાર કરી લો.
૫. વ્યવહારિક બનો.
૬. પહેલા લખો, પછી આપો.
૭. સૌના મત જાણીને નિર્ણય લો.

## દુઃખી થવાના દસ રસ્તા

૧. મોડા સૂવો, મોડા ઊઠો.
૨. લીધા - દીધાનો હિસાબ ન રાખો.
૩. કોઈ માટે કાંઈ ન કરો.
૪. પોતાનો જ વિચાર કરો.
૫. પોતાનો કક્કો જ સાચો ઠેરવો.
૬. કોઈનો વિશ્વાસ ન કરો.
૭. વિના કારણ જુઠ્ઠુ બોલો.
૮. કોઈ કામ સમયસર ન કરો.
૯. માગ્યા વિના સલાહ આપ્યા કરો.
૧૦. ભૂતકાળના સુખને ગાયા કરો.

**શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ**
**તથા બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ**
**અનુકરણીય દાન**
**સુધારો**

ડીસેમ્બર ૨૦૧૭ અંકમાં છપાયેલ સખાવતિ દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલીમાં અનુક્રમાંક ૧માં દાતાશ્રીનું નામ આ રીતે વાંચવા વિનંતી.

**૧.શ્રી મયુર નવનીતલાલ ગાંધી (મેનપૂરાવાળા) અને શ્રીમતી સંગીતા મયુર ગાંધી** હાલ કેનેડા નિવાસી તરફથી તેમના સુપુત્ર **ચિ. અમર**ના લગ્ન પ્રસંગ નિમિત્તે બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટને **રૂા. ૨,૫૧,૦૦૦/-**નું માતબર દાન પ્રાપ્ત થયેલ છે.

કારોબારી સમિતી વતિ
**જસ્મીન બી. શેઠ તથા ધર્મેશ જે. શાહ-માનદ્ મંત્રીઓ**

**પ્રકીર્ણ વિભાગ**

**નવા સરનામા**

1. **Shri Diviyesh N. Desai**
C/o. Mihir Mehta
Williengdon Heights (Thakkar Tower)
3rd Floor, Flat No.-302, 369, Tulsiwadi,
Near R.T.O., Tardeo, Mumbai - 400 034
**(M) : Diviyesh - 9833355459 ✣ Bhavna - 9769653148**

| **મૃત્યુ નોંધ** | વર્ષ |
|---|---|
| ✣ અતુલ રતીલાલ દેસાઈ (દેડકી) | ૬૪ |
| ✣ સુલોચના ચંદ્રકાન્ત મોદી (વડોદરાવાલા) | ૭૨ |
| ✣ ચંદ્રકાન્ત કિર્તનલાલ કડકીઆ | ૭૦ |
| ✣ પારૂલ રાકેશ મહેન્દ્ર લાકડાવાલા | ૪૯ |
| ✣ શેફાલી પ્રણવ દોશી | ૪૫ |
| ✣ મનીશા નીમેશ શાહ | ૪૭ |
| ✣ હંસાબેન રમેશચંદ્ર પરીખ (ગુંથલીવાળા) | ૭૯ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**